પેજ3

## વિમલ ઈલાયચી જાહેરાત મામલે શાહરૂખ, અજય, ટાઇગરને FDAની નોટિસ

**FDAએ** તેને પ્રથમ દૃષ્ટિએ પ્રતિબંધિત પાન મસાલા અને તમાકુ સંબંધિત ઉત્પાદનોના 'અપ્રત્યક્ષ કે સરોગેટ' પ્રચાર સમાન ગણાવી



મુંબઈ, તા. 16 (પીટીઆઈ) મહારાષ્ટ્ર ફૂડ એન્ડ ડ્રગ એડમિનિસ્ટ્રેશન (એફડીએ) દ્વારા અભિનેતાઓ શાહરૂખ ખાન, અજય દેવગન અને ટાઇગર શ્રોફને વિમલ ઈલાયચીની તેમની જાહેરાત માટે 'કારણ દર્શાવો' નોટિસ ફટકારવામાં આવી છે, જેમાં દાવો કરવામાં આવ્યો છે કે, આ પ્રથમ દૃષ્ટિએ પ્રતિબંધિત પાન મસાલા અને તમાકુ સંબંધિત ઉત્પાદનોના 'અપ્રત્યક્ષ કે સરોગેટ' પ્રચાર સમાન છે. એફડીએએ જણાવ્યું હતું કે, જાહેરાતમાં 'વિમલ ઈલાયચી' શબ્દનો ઉપયોગ વિમલ પાન મસાલા બ્રાન્ડ સાથે જોડાણ ઊભું કરતો હોય તેવું જણાય છે અને તે ગ્રાહકોને ગેરમાર્ગે દોરી શકે છે જ્યારે અપ્રત્યક્ષ રીતે પ્રતિબંધિત ઉત્પાદનનું પ્રમોશન થઈ શકે છે. એફડીએ દ્વારા 11 ઓગસ્ટે જારી કરાયેલી નોટિસમાં ત્રણેય અભિનેતાઓને બ્રાન્ડ એન્ડોર્સર તરીકે વર્ણવવામાં આવ્યા છે અને 15 દિવસમાં તેમનો જવાબ માંગવામાં આવ્યો છે.

## અભિનેત્રી અનન્યા રાજનું 27 વર્ષની ઉંમરે ઊંઘમાં જ અવસાન થયું



મુંબઇ, તા. 16 : '7 અવર્સ ટુ ગો', 'ધ ફાઇનલ એક્ઝિટ' અને 'ઘોસ્ટ' જેવી ફિલ્મોમાં અભિનય કરનારી અભિનેત્રી અનન્યા રાજનું 15 જુલાઈના રોજ ઉંઘમાં જ અવસાન થયું હતું, તેના મૃત્યુના એક મહિના પછી, તેના પરિવારે તેના ઇન્સ્ટાગ્રામ એકાઉન્ટ પર એક પોસ્ટમાં અભિનેત્રીના અવસાનની જાહેરાત કરી. પોસ્ટમાં લખ્યું હતું કે, આ અનન્યાનો પરિવાર છે. ખૂબ જ દુઃખ સાથે અમે 15 જુલાઈના રોજ વહેલી સવારે અનન્યાના અવસાનની જાહેરાત કરીએ છીએ. એક વર્ષથી વધુ સમયથી, તે શારીરિક અને માનસિક મુશ્કેલીઓથી પીડાતી હતી અને તેમને દૂર કરવા માટે યોદ્ધાની જેમ લડી રહી હતી.

## ગોવિંદા પત્ની સુનીતા આહૂજા પર ગુસ્સે ભરાયો, હદમાં રહેવા ચેતવણી

**મુંબઈ, તા. 16 :** અભિનેતા ગોવિંદા પોતાની આગામી ફિલ્મમાં ન્યૂકમર રાની સ્વર્ણકાર સાથે કામ કરી રહ્યો છે. આ અંગે તેની પત્ની સુનીતા આહૂજા સતત વિવાદાસ્પદ નિવેદનો આપી રહી છે જેનાથી કંટાળીને આખરે 'હીરો નંબર વન' ગોવિંદાએ પોતાનું મૌન તોડીને પત્નીને કડક શબ્દોમાં હદમાં રહેવા ચેતવણી આપી છે. ગોવિંદાએ જણાવ્યું કે, દેશના તમામ દિગ્ગજ એક્ટર્સે નવી અદાકારો સાથે કામ કર્યું જ છે. તમે મને લોકોના દિલમાંથી ઉતારવામાં કોઈ કસર છોડી નથી. ભગવાને આપણને ઈજ્જત, શોહરત અને દોલત આપી છે, પણ એનો અર્થ એ નથી કે જેની પાસે આ નથી તેને તમે અપમાનિત કરો.

# અમેરિકાના અનેક રાજ્યોમાં ભારતના સ્વાતંત્ર્ય દિનની રંગચંગે ઉજવણી



**ન્યૂયોર્કમાં** યોજાયેલી ભવ્ય પરેડને ભારતીય મૂળના મેયર ઝોહરાન મામદાનીએ સંબોધન કર્યું

**ન્યૂજર્સી**, કનેક્ટીકટ, હ્યુસ્ટન વગેરે અનેક શહેરો-રાજ્યોમાં પણ ઉત્સાહપૂર્ણ ઉજવણી થઇ

### ન્યૂજર્સીમાં રચાયો સૌથી વધુ ધ્વજસ્તંભોનો વિક્રમ

ભારતના 80મા સ્વતંત્રતા દિવસ અને અમેરિકાની 250મી વર્ષગાંઠની સંયુક્ત ઉજવણી નિમિત્તે, શનિવારે ન્યૂ જર્સીના પારસિપનીમાં આવેલા 'વેટરન્સ મેમોરિયલ પાર્ક' ખાતે સૌથી વધુ ધ્વજ સ્તંભોની સંખ્યાનો ગિનિસ વર્લ્ડ રેકોર્ડ સર્જાયો હતો. અમેરિકાની 250મી વર્ષગાંઠને ચિહ્નિત કરવા માટે, 250ના આંકડાની રચના કરવા માટે ભારતીય ત્રિરંગાથી ઘેરાયેલા 1,300 થી વધુ અમેરિકી ધ્વજો ગોઠવવામાં આવ્યા હતા.

ન્યૂયોર્ક, હ્યુસ્ટન, તા. ૧૬: ભારતના ૮૦મા સ્વતંત્રતા દિવસની ઉત્સાહપૂર્ણ ઉજવણી અમેરિકાના પણ અનેક રાજ્યો અને શહેરોમાં ત્યાંના ભારતીય મૂળના સમુદાયે અને ભારતીય કોન્સ્યુલેટોએ કરી હતી અને તેમાં અને તેમાં અનેક સ્થળે સ્થાનિક લોકો પણ જોડાયા હતા. ભારતના ૮૦મા સ્વતંત્રતા દિવસની ન્યૂયોર્ક ટ્રાય-સ્ટેટ વિસ્તારમાં વિવિધ કાર્યક્રમો સાથે ઉજવણી કરવામાં આવી હતી, જેમાં ન્યૂ જર્સીમાં એક "ખાસ ઉજવણી" દરમિયાન વર્લ્ડ રેકોર્ડ સર્જાયો હતો અને ક્વીન્સમાં યોજાયેલી પરેડમાં ન્યૂયોર્ક સિટીના ભારતીય મૂળના મેયર ઝોહરાન મામદાની પણ જોડાયા હતા. ફ્લોરલ પાર્ક ખાતે યોજાયેલ ક્વિન્સ ઈન્ડિયા ડે પરેડમાં ઝોહરાન મામદાનીએ પ્રવચન ન્યૂયોર્કના વિકાસમાં ભારતીયોના પ્રદાનની પ્રશંસા કરી હતી. "મેયર ડેવિડ ડિંકિન્સે એકવાર આપણા શહેરને એક 'સુંદર મોઝેક' (વિવિધતા ભરેલી ભાત) તરીકે વર્ણવ્યું હતું. આજે, મેં ભારતીય ડાયસ્પોરાના હિંદુઓ અને ખ્રિસ્તીઓ, મુસ્લિમો અને જૈનો, બૌદ્ધો અને શીખોમાં એ મોઝેકના દર્શન કર્યા, જેમણે આપણા શહેરને આજે જે છે તે બનાવવામાં મદદ કરી છે. તે તમામ લોકોને હું કહું છું: તમારી સાથે મળીને આ કામ કરવું એ મારા માટે સન્માનની વાત છે,"

# હંગેરીમાં બસ અકસ્માતમાં 12નાં મોત, 10 ઘાયલ

**કુલ 59** લોકો સવાર હતા એ બસના ડ્રાઇવરને ઝોકું આવી જતાં આ દુર્ઘટના સર્જાઃ પોલીસ

બુડાપેસ્ટ, તા. 16 (AP) હંગેરીમાં રવિવારે વહેલી સવારે એક હાઈવે પર દોડી રહેલી પેસેન્જર બસ રસ્તા પરથી નીચે ઊતરીને ઊંડી ખાઈમાં ખાબકતાં 12 લોકોનાં મોત થયાં હતાં અને અન્ય લોકો ઘાયલ થયા હતા. એમ પોલીસે જણાવ્યું હતું. પોલિશ પ્રવાસીઓના જૂથને લઈ જઈ રહેલી બસ મેઝોકેરેસ્ઝટેસ શહેર નજીક પૂર્વ તરફ જવાના માર્ગ પરથી પસાર થઈ રહી હતી ત્યારે હંગેરીની રાજધાની બુડાપેસ્ટથી લગભગ 140 કિલોમીટર પૂર્વમાં એમ3 મોટરવે પર રવિવારે સવારે લગભગ 1 વાગ્યે તે પલટી ગઈ હતી. પોલીસે એક નિવેદનમાં જણાવ્યું હતું કે, સંભવિત છે કે ડ્રાઈવરને ઝોકું આવી ગયું હતું, જેના કારણે આ અકસ્માત થયો હતો અને ડ્રાઈવરને કસ્ટડીમાં લેવામાં આવ્યો છે. હંગેરીના નેશનલ ડિરેક્ટોરેટ ફોર ડિઝાસ્ટર મેનેજમેન્ટે એક નિવેદનમાં જણાવ્યું હતું કે, અકસ્માત સમયે બસમાં 57 મુસાફરો અને બે ડ્રાઈવર મુસાફરી કરી રહ્યા હતા અને બસ પલટી જતાં કેટલાક મુસાફરો વાહન નીચે દબાઈ ગયા હતા. પોલિશ વિદેશ મંત્રાલયના પ્રવક્તા માસિજ વેવિયરએ રવિવારે પોલિશ ન્યૂઝ એજન્સી પીએપીને જણાવ્યું હતું કે, બસમાં સવાર તમામ લોકો પોલિશ નાગરિકો હતા. પોલેન્ડના રેઝઝોવની પ્રાદેશિક સરકારે એક ફેસબુક પોસ્ટમાં જણાવ્યું હતું કે, આ બસ પોલેન્ડના દક્ષિણ-પૂર્વ પોડકારપેકી વિસ્તારના લોકોને લઈને આવી રહી હતી, જેઓ બોસ્નિયા-હર્ઝેગોવિનામાં ધાર્મિક યાત્રાથી પરત ફરી રહ્યા હતા.

### ગોવાથી ઉજ્જૈન મહાકાલ મંદિર દર્શને આવેલા યુવાનનો અનોખો પ્રયોગ

# મહાકાલ મંદિરમાં ખોવાયેલા ચંપલ શોધવા AIનો ઉપયોગ!

**મંદિરના** પગરખાના રેક પર જૂતા-ચંપલની હરોળમાંથી પોતાની ચંપલ શોધવા એક યુવાને ચેટ-જીપીટીનો ઉપયોગ કર્યો

**ChatGPTએ** તેને ચંપલ સફળતાપૂર્વક શોધી આપ્યા

પણજી, તા. ૧૬(PTI): આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) સામાન્ય સમસ્યાઓનો રમુજી રીતે ઉકેલ લાવી શકે છે તે સાબિત કરતાં, ગોવાના એક વ્યક્તિએ મંદિરની બહાર બૂટ-ચંપલના વિશાળ ઢગલામાંથી પોતાના જૂતા શોધવા માટે ચેટજીપીટીનો ઉપયોગ કર્યો હતો.

શુભંગ બોરકરે મધ્ય પ્રદેશના ઉજ્જૈનમાં આવેલા મહાકાલ મંદિરની બહાર પોતાના ફોનને સ્કેનિંગ ડિવાઈસ તરીકે વાપર્યો હતો. તેણે ફૂટવેરના ફોટા ચેટબોટ સાથે શેર કર્યા, અને તેના આધારે AI એ તેની ગાયબ થઈ ગયેલી ચંપલની જોડી શોધી આપી હતી. બોરકરે ચાર દિવસ પહેલાં ઈન્સ્ટાગ્રામ પર મારા ખોવાયેલા ચંપલ શોધવા માટે ચેટજીપીટીનો ઉપયોગ કર્યો શીર્ષક સાથે આ AI પ્રયોગનો વીક-એન્ડ વિડિયો શેર કર્યો હતો. વીડિયોમાં જોવા મળે છે કે બોરકરે મંદિરની બહાર ફૂટવેર રેક પરથી પોતાની ચંપલ જાતે શોધવામાં નિષ્ફળ ગયા પછી તેણે કેવી રીતે AI ચેટબોટનો ઉપયોગ કર્યો. વીડિયોમાં, પહેલા તેણે તેની આસપાસના બૂટ-ચંપલની હરોળનો વીડિયો શૂટ કર્યો અને બતાવ્યું કે એકસરખા દેખાતા ચંપલમાંથી પોતાના જૂતા ઓળખવા કેટલા મુશ્કેલ હતા.

## હાઇકોર્ટના આદેશને પડકારતી રાહુલની અરજી પર આજે સુપ્રીમમાં સુનાવણી

નવી દિલ્હી, તા. 16 (PTI) સુપ્રીમ કોર્ટ અલ્હાબાદ હાઈકોર્ટના એ આદેશને પડકારતી કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીની અરજી પર સોમવારે સુનાવણી હાથ ધરવા માટે શિડ્યુલ કરવામાં આવી છે, જેણે તેમની સામેના અપ્રમાણસર સંપત્તિના આક્ષેપોની ચકાસણી કરવા માટે સીબીઆઈ અને ઈડીને નિર્દેશ આપ્યો હતો. સુપ્રીમ કોર્ટની 17 ઓગસ્ટની કારણ સૂચિ અનુસાર, ચીફ જસ્ટિસ સૂર્યકાંત અને જસ્ટિસ જોયમાલ્યા બાંગચી તેમ જ વી મોહનાની બનેલી ખંડપીઠ આ મામલે સુનાવણી કરશે.

## કેજરીવાલની મુક્તિ સામેની અરજી પર આજે હાઈકોર્ટમાં સુનાવણી

નવી દિલ્હી, તા. 16 (પીટીઆઈ) : દિલ્હી હાઈકોર્ટ સોમવારે ટ્રાયલ કોર્ટના એ આદેશને પડકારતી સીબીઆઈની અરજી પર સુનાવણી કરશે, જેમાં આપ નેતાઓ અરવિંદ કેજરીવાલ, મનીષ સિસોદિયા અને અન્ય 21 લોકોને લિકર પોલિસી (આબકારી) કેસમાં મુક્ત કરવામાં આવ્યા હતા. જસ્ટિસ મનોજ જૈનની સામે દિલ્હીના ભૂતપૂર્વ મુખ્યમંત્રી અને તેમના નાયબ મુખ્યમંત્રીની અરજી પર પણ સુનાવણી કરે તેવી શક્યતા છે, જેમાં સીબીઆઈની રિવિઝન પિટિશન અરજીને સુનાવણી માટે લાયક ન હોવાનું ગણાવીને ફગાવી દેવાની માંગ કરવામાં આવી છે.

## NTAએ 84 વિષયો માટે UGC-નેટની આન્સર કી જાહેર કરી

નવી દિલ્હી, તા. 16 (PTI) નેશનલ ટેસ્ટિંગ એજન્સી (એનટીએ)એ રવિવારે યુજીસી-નેટ જૂન 2026 પરીક્ષાના 84 વિષયો માટે પ્રોવિઝનલ આન્સર કી જાહેર કરી છે. એક્સ પરની એક પોસ્ટમાં એનટીએએ જણાવ્યું હતું કે, વાંધા અરજી વિન્ડો ખુલ્લી છે અને તે 16 ઓગસ્ટથી 18 ઓગસ્ટ રાત્રે 11:59 વાગ્યા સુધી ખુલ્લી રહેશે. એજન્સીએ જણાવ્યું હતું કે, ઉમેદવારોએ વાંધાઓ નોંધાવવા માટે પ્રશ્નદીઠ ₹200ની પ્રોસેસિંગ ફી ચૂકવવી પડશે, જેમાં ફી ચુકવણીની અંતિમ તારીખ 18 ઓગસ્ટ રાત્રે 11:59 વાગ્યા સુધીની છે.

# ઈંધણ ખૂટતા સ્ટીમર ચંબલ નદીમાં બંધ પડી તમામ મુસાફર સુરક્ષિત

**લાઇફ** જેકેટ વગરની સ્ટીમરમાં નદી વચ્ચે ફસાયેલા 40 મુસાફર સુરક્ષિત

મોરેના, તા. 16 (PTI) મધ્ય પ્રદેશના ભિંડ જિલ્લામાં લાઈફ જેકેટ વગર ચાલી રહેલી એક સ્ટીમરમાં રવિવારે સવારે ઈંધણ ખૂટી ગયા બાદ તેમાં સવાર આશરે 40 લોકો ઉછળતી ચંબલ નદીની વચ્ચે થોડા સમય માટે ફસાઈ ગયા હતા. એમ અધિકારીઓએ જણાવ્યું હતું. મોરેના કલેક્ટર લોકેશ જાંગીડે જણાવ્યું હતું કે, ધસમસતા પાણીમાં સ્ટીમર લાચાર બનીને તણાઈ રહી હતી ત્યાર બાદ સ્થાનિક તંત્રએ તેને ફરીથી શરૂ કરવા માટે ડીઝલનો પુરવઠો પહોંચાડવામાં સફળતા મેળવી હતી અને તેને સુરક્ષિત રીતે નદી કિનારે પાછી લાવવામાં આવી હતી. વહાણ પર સવાર આશરે 35થી 40 લોકો સુરક્ષિત હતા. કલેક્ટરે જણાવ્યું હતું કે, આગ્રાના ઉત્તર પ્રદેશ જાહેર બાંધકામ વિભાગ (પીડબ્લ્યુડી) દ્વારા સંચાલિત આ સ્ટીમરમાં લાઈફ જેકેટનો અભાવ હતો.


यद्यदाचरति श्रेष्ठस्तत्तदेवेतरो जनः
स यत्प्रमाणं कुरुते लोकस्तदनुवर्तते॥
- શ્રીમદ્ ભગવદ્ગીતા ૩.૨૧

શ્રેષ્ઠ વ્યક્તિ જેવું આચરણ કરે છે, અન્ય લોકો પણ તેનું જ અનુસરણ કરે છે.
તે પોતાના જીવન દ્વારા જે આદર્શ સ્થાપિત કરે છે, સમાજ એ જ માર્ગને અનુસરે છે.



આપના દૂરંદેશી નેતૃત્વ, અડગ સંકલ્પ અને માનવતાના મૂલ્યોથી ઘડાયેલો વારસો
આજે પણ અમારી યશગાથાના દરેક અધ્યાયમાં જીવંત છે.

આપની પુણ્યતિથિએ અમે આપને ગર્વ અને કૃતજ્ઞતાપૂર્વક યાદ કરીએ છીએ.

એક ઉત્તમ માર્ગદર્શક, પ્રભાવશાળી વ્યક્તિત્વ અને દીર્ઘદૃષ્ટા.

શ્રી. નિલેશભાઈ પટેલ
છઠ્ઠી પુણ્યતિથિ | 16 ઓગસ્ટ 2020

પ્રેમભરી સ્મૃતિ સાથે યાદ કરતાં
પરિવારજનો, મિત્રો અને એન. કે. ગ્રુપના સભ્યો

NK Proteins | TIRUPATI Edible Oils | N. K. Industries Ltd.